# ગણતરીના કલાકોમાં ઘરફોડ ચોરીના બે આરોપીઓને પકડી પાડતી, પુણા પોલીસ

"પુણા પો.સ્ટે. FIR નં-11210046200031/2020 ઈ.પી.કો.કલમ-૩૮૦, ૪૫૪, ૧૧૪ મુજબના ગુનાના કામના બન્ને આરોપીઓ સીતારામ સોસાયટી વિ-૧માં આવેલ એવન પાન સેન્ટર નામની દુકાન પાસે બેઠેલ છે." તેવી બાતમી આધારે હકીકતવાળી જગ્યાએ પુણા પો.સ્ટે. ના પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા તથા પોલીસ માણસો અ.હે.કો. હિંમતભાઇ રાઘવભાઇ તથા અ.પો.કો. ગોપાલભાઇ ગોવિંદભાઇનાઓ જઇ આરોપીઓ (૧) હિતેષ ઉર્ફે હિતો બેવડો S/O આતુભાઇ દિંગાભાઇ આહીર ઉ.વ.૨૦ રહે. ૪૫, સાંઇ વિલા સોસાયટી (ભાડેથી) દિપ દર્શન સ્કુલની પાછળ દેલાડવા રોડ, ડીંડોલી, સુરત મુળવતન: ગામ.ડુંગર તા.રાજુલા જી.અમરેલી (૨) કનુ ઉર્ફે કાનો S/O અર્જુનભાઇ આહીર ઉ.વ.૨૪ રહે. ૨૧૧, જગદિશનગર વિભાગ-૧, ચોપાટીની સામે L.H. રોડ વરાછા, સુરત શહેર. મુળવતન: ગામ-ટાણાવટલ તા. સિહોર જી. ભાવનગરનાઓને પકડી પાડેલ. તેઓને પુણા પોલીસ સ્ટેશન ખાતે લઇ આવી ઉપરોકત ગુનાના કામે અટક કરી વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.